# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 28-01-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર હર્ષ લેઉઆ વાંચે છે.

****************************************************

1) 'ઉત્કર્ષ ઓડિશા, મેક-ઈન-ઓડિશા કોન્ક્લેવ'નુ ભુવનેશ્વરથી ઉદઘાટન કરતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંશોધન અને નવિનીકરણ ઉપર ભાર મૂક્યો

2) પ્રયાગરાજમાં મૌની અમાવાસ્યાને ધ્યાને લઇને શ્રધ્ધાળુઓની સલામતીની સાત સ્તરીય વ્યવસ્થા કરાઇ

3) દિલ્હીમાં વિધાનસભા ચૂંટણી પહેલા, યમુનાના પાણીના મુદ્દા પર દિલ્હીમાં આમ આદમી પાર્ટી અને ભાજપ વચ્ચે વાકયુદ્ધ વધુ તીવ્ર બન્યું

4) ઉત્તરપ્રદેશનાના બડૌતમાં લડ્ડુ મહોત્સવ દરમિયાન સ્ટેજ તૂટી પડ્યું, પાંચના મોત, 40ઘાયલ

5) ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે આજે ત્રીજી ટી-20મેચ રાજકોટમાં રમાશે

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM ODISHA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભુવનેશ્વરમાં 'ઉત્કર્ષ ઓડિશા, મેક-ઇન-ઓડિશા કોન્ક્લેવ'નું ઉદ્ઘાટન કર્યું છે. શ્રી મોદીએ સંશોધન અને નવીનીકરણ પર ભાર મૂક્યો. ઓડિશા રાજ્ય વિષે બોલતા તેઓએ આ મુજબ જણાવ્યું.

## (બાઇટ – પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી - ODISHA)

'ઉત્કર્ષ ઓડિશા', ઓડિશા રાજ્યને પૂર્વોદય દૂરદેશીપણાના મુખ્ય કેન્દ્ર અને ભારતમાં અગ્રણી રોકાણ સ્થળ અને ઔદ્યોગિક કેન્દ્ર તરીકે સ્થાપિત કરવા માટે ઓડિશા સરકાર દ્વારા આયોજિત એક મુખ્ય વૈશ્વિક રોકાણ પરિષદ છે. આ પરિષદ ઔદ્યોગિક માળખાને મજબૂત બનાવવા અને 2036 સુધીમાં દેશના ટોચના પાંચ આર્થિક રાજ્યોમાં ઓડિશાને સ્થાન આપવા પર કેન્દ્રિત છે.

આ પરિષદથી અંદાજિત 5 લાખ કરોડ રૂપિયાથી વધુનું રોકાણ થવાની સંભાવના છે તથા અંદાજિત સાડા ત્રણ લાખથી વધુ રોજગારોનું સર્જન થશે. ભારત અને અન્ય 12 દેશોના રાજદૂતો, રોકાણકારો અને ઉદ્યોગપતિઓ સહિત 7,000થી વધુ પ્રતિનિધિઓ આ પરિષદમાં ભાગ લઈ રહ્યા છે.

## (બાઇટ – પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઓડિશા રાજ્યની છેલ્લા સાત મહિનામાં પાંચમી મુલાકાત છે.

. . . . . . . . . . . . . . .

# NATIONAL GAMES DEHRADUN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઉત્તરાખંડના દેહરાદૂન સ્થિત મહારાણા પ્રતાપ સ્ટેડિયમ ખાતે 38મા રાષ્ટ્રીય રમતોત્સવનું ઉદ્ઘાટન કરશે.

આકાશવાણીના દહેરાદુનના પ્રતિનિધી જણાવે છે કે, ઉદ્ઘાટન સમારોહ માટે કેન્દ્રીય મંત્રીઓ, ભારતીય ઓલિમ્પિક સંઘ અને રાષ્ટ્રીય ખેલાડીઓ સહિત વિવિધ મહેમાનોનું આગમન શરૂ થઈ ગયું છે.

14 ફેબ્રુઆરી સુધી ચાલનારો રમતોત્સવ રાજ્યનાં 8 જિલ્લાનાં 11 શહેરોમાં યોજાશે. 35 રમતોમાં કુલ 47 સ્પર્ધા યોજાશે.

. . . . . . . . . . . . . . . .

# MAHAKUMBH - MAUNI AMAVASYA

હવે સાંભળીએ મહાકુંભના સમાચાર

(કુંભ મ્યુઝિક)

ઉત્તરપ્રદેશ સરકારે આવતીકાલે મૌની અમાવસ્યાને ધ્યાનમાં રાખીને પ્રયાગરાજના મહાકુંભમાં ભક્તોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સુરક્ષા વ્યવસ્થામાં નોંધપાત્ર વધારો કર્યો છે. સરકારે સાત-સ્તરીય સુરક્ષા યોજના અમલમાં મૂકી છે.

અમારા પ્રતિનીધિના અહેવાલ મુજબ મહાકુંભ વિસ્તારને NO-VIP ઝોન તરીકે જાહેર કરવામાં આવ્યો છે. અમારા પ્રતિનીધિ જણાવે છે કે, મેદાનમાં 328 AI-સક્ષમ કેમેરા સહિત લગભગ 3 હજાર CCTV કેમેરા લગાવવામાં આવ્યા છે. સલામતી અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે અર્ધલશ્કરી દળો સહિત 50 હજારથી વધુ પોલીસ કર્મચારીઓને પણ તૈનાત કરવામાં આવ્યા છે.

**સંગમ ખાતે પાણીની નીચે નજર રાખવા માટે પહેલીવાર પાણીની અંદર ડ્રોન તૈનાત કરવામાં આવ્યા છે. દરમ્યાન મૌની અમાસના શાહી સ્નાનને ધ્યાનમાં રાખીને, પ્રયાગરાજમાં ધોરણ 8 સુધીની તમામ શાળાઓ 30 જાન્યુઆરી સુધી બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે.**

**મહાકુંભના બીજા અમૃત સ્નાન મહોત્સવ, મૌની અમાસ માટે કરોડો લોકોની ભીડને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.**

**(કુંભ મ્યુઝિક)**

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# DELHI AAP BJP ON YAMUNA WATER

**દિલ્હીમાં વિધાનસભા ચૂંટણી પહેલા, યમુનાના પાણીના મુદ્દા પર રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં આમ આદમી પાર્ટી અને ભાજપ વચ્ચે વાકયુદ્ધ વધુ તીવ્ર બન્યું છે. ભાજપે આપ સરકાર પર આરોપ લગાવતા કહ્યું કે, રાષ્ટ્રીય રાજધાનીમાં આવતા યમુનાના પાણીને ઝેરી બનાવી રહી છે.**

ભાજપના પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીએ મીડિયાને જણાવ્યું કે, દિલ્હી જલ બોર્ડે પોતે જ આ આરોપને ફગાવી દીધો છે જે દર્શાવે છે કે આમ આદમી પાર્ટી પડોશી રાજ્યની સરકાર પર પાયાવિહોણા આરોપો લગાવવાનો પ્રયાસ કરી રહી છે.

કોંગ્રેસના નેતા સંદીપ દીક્ષિતે પણ આ મુદ્દા પર AAPના વડા અરવિંદ કેજરીવાલ પર કટાક્ષ કર્યો હતો. તેમણે કહ્યું કે, શ્રી કેજરીવાલે સમજાવવું જોઈએ કે પાણીમાં કયા પ્રકારનું ઝેર હતું.

દરમિયાન, AAPના વરિષ્ઠ નેતા અને દિલ્હીના મુખ્યમંત્રી આતિશીએ યમુનામાં એમોનિયા સ્તરના મુદ્દા પર મુખ્ય ચૂંટણી કમિશનરને પત્ર લખ્યો છે.

. . . . . . . . . . . . . . . .

# DAY DELHI-CAMPAIGN

ચૂંટણીની તારીખ નજીક આવતાં દિલ્હીમાં રાજકીય યુદ્ધ વધુ તીવ્ર બન્યું છે. 70 સભ્યોની દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટે પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે.

ભાજપ, આમ આદમી પાર્ટી અનેકોંગ્રેસના અગ્રણી નેતાઓ રોડ શો, ડોર-ટુ-ડોર પ્રચાર અને જાહેર સભાઓ કરીને મતદારોને તેમના ઉમેદવારોની તરફેણમાં આકર્ષવાનો પ્રયાસ કરી રહ્યા છે. ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે બદરપુર અને કસ્તુરબા નગર મતવિસ્તારમાં રોડ શો કરશે. શ્રી શાહ કાલકાજી વિસ્તારમાં એક જાહેરસભાને પણ સંબોધિત કરશે.

ભાજપે આજે સાંસદ મનોજ તિવારી દ્વારા ગવાયેલું બીજું ચૂંટણી પ્રચાર ગીત લોન્ચ કર્યું છે જે પાર્ટીના ચૂંટણી ઢંઢેરાના વિવિધ પાસાઓ પર પ્રતિબિંબિત થાય છે. આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ આજે સાંજે ઘોંડા

અને કરાવલ નગરમાં જાહેર સભાઓ યોજશે. આપના વરિષ્ઠ નેતા અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન શહેરના વિવિધ ભાગોમાં રોડ-શો કરશે અને જાહેર સભાઓને સંબોધિત કરશે. જાહેર સભાઓ પહેલા, કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ આજે ગોલ બજાર વિસ્તારમાં વાલ્મીકિ મંદિરમાં પ્રાર્થના કરી અને સ્થાનિક લોકોને મળ્યા હતા. તેઓ આજે સાંજે પટપડગંજ અને ઓખલા વિધાનસભા બેઠકો પર એક રેલીને સંબોધિત કરશે.

ઉલ્લેખનીય છે કે, દિલ્હી વિધાનસભાની ચૂંટણી 5 ફેબ્રુઆરીએ યોજાવાની છે અને 8 ફેબ્રુઆરીએ મતગણતરી થશે.

. . . . . . . . . . . . . . . .

# REV. BAGPHAT - LADDU MAHOTSAV INCIDENT

ઉત્તરપ્રદેશના બાગપતમાં આજે ભગવાન આદિનાથ 'નિર્વાણ લડ્ડુ મહોત્સવ'માં એક કામચલાઉ સ્ટેજ તૂટી પડતાં ભાગદોડ મચી ગઈ હતી. જેમાં 5 લોકોના મોત થયા છે અને 40 થી વધુ લોકો ઘાયલ થયા છે.

ધાર્મિક સમારોહમાં ભાગ લેવા માટે ભક્તો મંચ પર ચઢી જતાં સર્જાયેલી અરાજકતાના કારણે આ દુર્ઘટના ઘટી હોવાના અહેવાલ છે. બાગપત જિલ્લા મેજિસ્ટ્રેટ અસ્મિતા લાલે પુષ્ટિ કરી કે, અત્યાર સુધીમાં 5 લોકોના મોત થયા છે. બચાવ કામગીરી ચાલી રહી છે.

## (બાઇટ- અસ્મિતા લાલ- જિલ્લા મેજિસ્ટ્રેટ – બાગપત)

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે અધિકારીઓને રાહત પ્રયાસો ઝડપી બનાવવા અને ઘાયલોને યોગ્ય સારવાર સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો છે.

. . . . . . . . . . . . . . . .

# KASHMIR NIA RAID

જમ્મુ કાશ્મીરમાં NIA એ, અન્ય રાજ્યોના લોકોની હત્યાના સંદર્ભમાં કાશ્મીર ખીણમાં 6 સ્થળોએ દરોડા પાડ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, એસએસપી સંદીપ ચૌધરીની દેખરેખ હેઠળ શ્રીનગર, બડગામ અને સોપોરમાં 6 સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . . . . .

# U19 WOMENS WORLD CUP CRICKET

મલેશીયાના કુઆલાલંપુરમાં રમાઈ રહેલી અંડર-19 મહિલા વિશ્વકપ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં સુપર સિક્સની અંતિમ મેચમાં ભારતીય ટીમનો સામનો સ્કોટલેન્ડ સામે થઈ રહ્યો છે. સ્કોટલેન્ડે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે. ભારત તરફથી ગોંગાડી ત્રિશા અને જી.કમાલિનીએ ઝડપી શરૂઆત અપાવી છે. છેલ્લા અહેવાલ પ્રમાણે ભારતના 20 ઓવરમાં 1 વિકેટે 208 રન થયા છે.

પુરુષ ક્રિકેટમાં, ભારત આજે ગુજરાતના રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે ત્રીજી T20 આંતરરાષ્ટ્રીય મેચમાં ઇંગ્લેન્ડ સામે ટકરાશે. આ મેચ સાંજે 7

વાગ્યે શરૂ થશે. સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળની ભારતીય ટીમ પાંચ મેચની શ્રેણીમાં 2-0થી આગળ છે.

. . . . . . . . . . . . . . . .